સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૧૨૫૧

થાય છે કસોટી, મોંઘવારી દામે ચઢે છે,
હવે બધા નિર્ણયો 'બાબા'ના નામે ચઢે છે
સામે ચઢ્યા તો ખાઇબદેલા રાજકારણીઓ -
બાંયો ચઢાવીને હવે બાબા કામે ચઢે છે..

સત્તા ખેલની -
જાળમાં ફસાયું છે
આમ આદમી..
(રાજકીય દાવપેચ)

ઉડ્યો છે ફ્યુસ!
ચારેકોર અંધારૂં -
આપ કન્ફ્યુસ!
(દિસે ન દિશા)

ચિંતન

સમાને શોભતે પ્રીતિઃ રાજ્ઞિ સેવા ચ શોભતે ।
વાણિજ્યં વ્યવહારેષુ દિવ્યા સ્ત્રી શોભતે ગૃહે ॥

'પ્રીત-પ્રેમ-સ્નેહ-મૈત્રી સમાન-સરખા લોકો વચ્ચે જ શોભે છે. (નભે છે) (અર્થાત આર્થિક-બૌદ્ધિક અને સામાજિક સ્તર પણ સરખું જ હોવું જોઇએ), ચાકરી કરવી હોય તો રાજાની જ કરવી (રાજા જેવો ઉદાર અને કદરદાન સ્વભાવ હોવ એવાની), વહેવારમાં રહીને જ વેપાર કરવો એમાં સંબંધો-મૈત્રી-ન જોવાય, તો જ વેપાર થઇ શકે, અને ચારિત્ર્યવાન સ્ત્રીથી જ ઘર શોભે છે.'

લગ્નોમાં જે દરાર પડે છે એનું મુખ્ય-કારણ વિચારભેદથી થતા મતભેદ છે સમજનું ઊંચું-નીચું સ્તર મનભેદનું કારણ બને સમાન ટેવો-આર્થિક-સામાજિક સ્તરમાં તફાવતથી પણ મૈત્રી-સંબંધો ટકતા નથી શરૂ શરૂના એક-બે વર્ષ 'શારીરિક' જરૂરીયાતમાં જેમ તેમ પસાર થઇ જાય. પછી શરૂ થઇ જાય 'થરૂર..'

જે લોકો સેવાની કદર કરી શકે એવા લોકોની જ સેવા કરવી જોઇએ ઘણીવાર તો 'સેવા'નો અર્થ ન સમજતા લોકો 'ફરજ' અને 'ગુલામી' માં જ સેવાને ખપાવી દે છે.

મિત્રો-સંબંધો-પરિવારમાં પણ નાણાંકીય વ્યવહારમાં શુદ્ધ રહેતુ જોઇએ. હિસાબ કોડીનો પણ ચોખ્ખો રાખવો જોઇએ સામેની વ્યક્તિ માગે ન માગે- ઇચ્છે નહીં છતાં જો સંબંધ અને વહેવાર સાચવા જ હોય તો હિસાબ 'ચોખ્ખા' રાખવા જોઇએ.

ચારિત્ર્યવાન, સમજું, ઘરરખ્ખું, સંસ્કારી અને સેવાભાવી-ત્યાગ સમર્પણમાં માનનારી સ્ત્રીથી ઘર શોભે છે.

સુવિચાર

- પરાયો માણસ પરાયો ન રહે ત્યારે કેવળ માનવતાની સુગંધ બચે છે.. આ સુગંધ ઉત્તમ છે — *એસ. ભટ્ટાચાર્ય*
- માનવીનું મુખ્ય કામ પોતાની જાતને જન્મ આપવાનું છે — *ઓશો*
- પૃથ્વી આજે એવા નૂતન માનવીની રાહ જુએ છે જે આઇન્સ્ટાઇન જેવો વિજ્ઞાનપ્રેમી હોય એ જેનું હૃદય બુદ્ધની માફક કરૂણ સભર હોય — *સુરેશ દલાલ*
- 'સ્વ' નો અર્થ સમજાય એ જ ખરો 'સ્વાર્થ' — *જ્ઞાનમૂત્ર*
- માણસમાં અનંત શક્યતાઓ છે જ કોઇ પણ માણસ સામાન્ય નથી હોતો.. જેમ કેરીમાં સમાયેલા વિટામીનથી કેરી અજાણ હોય છે — *શાહબુદ્દિન રાઠોડ*
- સ્મિત વિનાના સાધુનો ભરોસો ન કરશો — *હરકિશન મહેતા*
- વિચારવા જેવું.. શું માણસ કેવળ પોતાના માટે જ જીવવા સર્જાયો છે?? જો આ પ્રશ્નનો જવાબ હા હોય તો માતા નામની ઘટનાનો છેદ જ ઉડી જાય છે — *બર્નાર્ડ શો*

(સંકલન : દીપક બી.આસરા)

બોધ કથા

આપણે વર્તમાન પત્રો અને જાહેર અનુભવો દ્વારા સાધુ-સંત-બાવા-બમણા કરી આપનારા-ઘરેણાં ઘોઇ જનારા બાબત સાંભળી-વાંચી આપણો વિશ્વાસ 'ડગમગી' ગયો છે. માનવતા ડરી ગઇ છે. કોઇ 'માગવા' આવે ત્યારે ઘરમાં 'કોઇ નથી' 'કંઇ નથી' કહી સત્ય બોલી નાખીએ છીએ. ઇશ્વર કોઇને કોઇ સ્વરૂપે આપણે આંગણે આવે છે. જાગૃતિ અને મર્યાદા સાચવી 'માગનારા'ને 'કૈંક' તો આપવું જ જોઇએ.

એક ભિક્ષુક ઘનિકોની રોયલ સોસાયટીમાં ખૂબ બૂમો પાડી ખાવાનું માગતો હતો. બે દિવસનો ભૂખ્યો હતો રાબેતા મુજબ લોકોએ 'કંઇ નથી' 'નહીં મળે' - મજૂરી કરો' જેવી સલાહ સૂચના સાથે 'ના' જ પાડી.

સોસાયટી બહાર એક વૃદ્ધ એક વૃક્ષ નીચે થોડું બળતણ અને પાણીનું માટલું રાખી બેઠો હતો. એની સ્ત્રી પણ ગામમાં માગવા ગઇ હતી. પેલો ભિક્ષુક ત્યાં આવ્યો અને યાચના ભરી દૃષ્ટએ વૃદ્ધ સામે જોયું. વૃદ્ધે પાણીનું માટલું બતાવી દીધું.

પેલો ભિક્ષુક કહ્યું કે હું એક યુક્તિ અજમાવું આપણને ખાવાનું મળી જશે. વૃદ્ધે હા પાડી. પેલાએ બળતણમાંથી ચૂલો કરી તપેલામાં પાણી ઉકાળવા મૂક્યું. અંદર એક પથ્થર નાખ્યો.

બંને ગીત ગાવા લાગ્યા. નાચવા લાગ્યા. પસાર થનારે પુછ્યું આ શું કરો છો? આમાં શું છે?

ભિક્ષુક કહે 'સ્ટોન સૂપ' છે. આમાં તારા શાકભાજીમાંથી એક ટમેટું અને એક ડુંગળી નાખ. તને પણ એક કપ આપશું અને ઘડીભરમાં 'સ્ટોન સૂપ'ની વાત અને સુગંધ સોસાયટીમાં પણ ફેલાઇ, કોઇ સૂકામેવા-ફળ-શાકભાજી નાખવા લાગ્યા મોટું તપેલું પણ આવ્યું. આખા ગામે સ્વાદિષ્ટ સ્ટોન સૂપ પીધું.

બધા થોડું થોડું કંઇક આપે તો 'રામમંદિર' કે સરદારની 'મૂર્તિ' નથી બંધાઇ જતી?! આદામાંથી અર્ધું આપતા શીખો.

Email - sureshchandrabhatt18@gmail.com

સ્વ. ડો. ધીરૂભાઇ ઠાકરના શિક્ષણ, વિવેચન, જીવન અને કાર્યોનો સંક્ષિપ્ત દસ્તાવેજી ગ્રંથ 'પ્રસંગ માધુરી'

શબ્દ સમીપે
- નટવર હેડાઉ

આપણા સમયનું ગુજરાતી સાહિત્યક્ષેત્રનું એક મોટું નામ. ગુજરાતી સાહિત્યમાં ખાસ તો અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં તેમણે કરેલું ત્રિવિધ પ્રદાન ચિરંજીવ છે. તેમણે આલેખેલા અર્વાચીન ગુજરાતી સાહિત્યનો બૃહદ ઇતિહાસ અને બીજું પંડિત યુગના મોટા સાહિત્યકાર ને તત્ત્વચિંતક, હિંદુધર્મને સંસ્કૃતિના મેધાવી પ્રચારક મણીલાલ નભુભાઇ દ્વિવેદી વિશેનું અધ્યયન. પરંતુ સાહિત્યક્ષેત્રનાં આ બે મહાકાર્યોને પણ ટપી જાય એવું તેમનું ત્રીજું પ્રદાન ગુજરાતી ભાષામાં પચીસ ગ્રંથોમાં સમાતો વિશ્વકોશ અને ૮ ગ્રંથોમાં સમાતો બાળકોશ જેવા તેઓ યોજક રહ્યાં તેના કારણે તેના હજારો પુષ્ઠોમાંથી તેઓ પોતે પસાર થયા હશે જેના કારણે તેમનો ચિત્તકોશ કેટલો સમૃદ્ધ થયો હશે. તેની સાથે સાથે તેમના હૃદયની વિશાળતા પણ વધી તેની પ્રતીતિ આપણને તેમનાં માધુરી શ્રેણીનાં આઠ પુસ્તકોથી થતી રહી હતી એવા એ લેખકના આ શ્રેણીના અંતિમ નવા પુસ્તકની વાત કરવા હું જઇ રહ્યો છું. ત્યારે એ વાત કહે છે કે તેઓ આજે આપણી વચ્ચે નથી.

હાં, હું તમને ધીરૂભાઇ ઠાકરના પુસ્તક 'પ્રસંગ માધુરી' વિશે વાત કરવા માંગુ છું.

'પ્રસંગ માધુરી' શીર્ષક પણ ઘણું સમુચિત છે. કેમ કે તેના મોટા ભાગના લખાણો કોઇને કોઇ પ્રસંગને નિમિત્તે થયેલો છે. પણ અહીં ટૂંકા ટૂંકા લેખોમાં કોઇને કોઇ પ્રસંગોમાંથી ધીરૂભાઇ ઠાકરની વિદ્વતા પમાય છે. તે સાથે 'પ્રસંગ માધુરી' ના કુલ ચોત્રીસ લખાણોમાંથી પસાર થતાં વાચકને એ અનુભવ થાય છે કે એક પણ લખાણ તેમનાં હૃદયની અપાર ઉષ્માવાળા આ તમામ લખાણો તેમના વ્યક્તિત્વની છબીઓને ઝીલે છે. ત્યારે તેમનાં ગદ્યમાં વિદ્વતાની સાથે સાથે આર્દ્રતા આવી જાય છે. અને આ બધા પ્રસંગોમાં આપણે જાણે કે તેમની સામે ઊભા હોઇએ અને તેઓ આપણી આંખમાં આંખ પરોવીને વાત કરતા હોય તેવું અનુભવાય છે. અહીં આપણે જે વિકસતાં વિદ્યાર્થી, વિકસતા અધ્યાપક અને વિકસતા માનવ તરીકે ધીરુભાઇ ઠાકરને અનુભવીએ છીએ તેઓ કહે છે કે 'લેખક થવું એટલે માનવી માત્રને વિશ્વ સમસ્તને ચાહતા શીખવું તે (પૃષ્ઠ-૧૫૩) એવા લેખકનું ઉચિત ઉદાહરણ તેઓ પોતે જ હતા. જેની પ્રતીતિ 'પ્રસંગ માધુરી'ના લેખોમાં થાય છે.'



'સાહિત્ય સર્જન એ સાધના છે.' એ પ્રસંગ માધુરીનો પહેલો લેખ છે. એમાં એમણે સાહિત્ય અંગેની વિભાવના વિશદ રીતે તદ્દન સરળ બોલચાલની ભાષામાં મુકી આપી છે. તો પ્રાસ્તાવિકમાં કહ્યું છે તેમ તેમણે ભાષા અને સાહિત્યનો સમ ન ચુકાય તેની તકેદારી રાકવાનો પ્રયત્ન પણ કર્યો છે. તેની પ્રતીતિ આપણને તેમના આરંભના લેખથી જ થવા લાગે છે.

'મડિયાનું ચિત્ર પ્રદર્શન'માં હળવાશથી પણ લેખક કેવી માર્મિક વાત કહી જાય છે. તેમાં ચિત્ર સર્જન માટેની કામની વાતો અનૌપચારિક રીતે પણ ઉષ્માપૂર્વક લેખકે કહી છે. 'ભાષા રક્ષતિ રક્ષતિઃ' એ ધીરુભાઇ એ ગુજરાતી વિશ્વકોષના પચ્ચીસના ગ્રંથના વિમોચન પ્રસંગે મોરારી બાપુ, નરેન્દ્ર મોદી, ગુણવંતશાહની ઉપસ્થિતિમાં આપેલું પ્રવચન છે. તેમાં રજૂઆતની પ્રકૃતિથી એક સર્જનાત્મક નિબંધનો ઉમદા નમૂનો બની રહ્યું છે. નારાયણ દેસાઇની ગાંધી કથાના પ્રયોગને લેખક લોકજાગૃતિ અને આત્મશુદ્ધિના અદ્‌ભૂત પ્રયોગ લેખે ઓળખાવે છે. સારા પ્રમાણમાં એવા લેખો છે. જેમાં શિક્ષણ અને સાહિત્યક્ષેત્રે મહત્ત્વ પ્રદાન કરનાર વ્યક્તિઓને ઉષ્માસભર અંજલિ અપાયેલી છે.

'મણિલાલનું તત્ત્વ ચિંતન' લેખકમાં લેખકના જિંદગીભરનાં મણિલાલના સેવનનો અર્ક મળે છે. ગાંધીજી અને પાંચ સાક્ષરો : ભૂમિકા : એ લેખ તો મૂળે તેમનાં 'ગાંધીજી અને પાંચ સાક્ષરો' નામના પુસ્તકની પ્રસ્તાવના છે. તેમાં તેઓ સાક્ષરોની પ્રતિભાને ગાંધીજીનો કેવો સ્પર્શ થયો હતો તેની અનુભૂતિ ખુબ રોચકતાંથી કરાવે છે. પાકટ વયે પાપ્લો નેરુદાના સંસ્મરણોનો ગુજરાતી અનુવાદ 'સત્યની મુખોમુખ' આપ્યો છે.

નવલકથાના મૂલ્યબોદ, 'અનોખી' આવકારપાત્ર નવલકથા 'અરવલ્લીની સંક્ષિપ્ત સમીક્ષા અને કિસાન આંદોલનની ઘાટીલી નવલકથા પ્રાગજીભાઇ ભામ્ભીની નવલકથા 'ઘેરાવ' ની સમીક્ષા એ લેખકના નવલકથા વિષયક લેખો છે. જેમાં નવલકથા વિષેની ઊંડી સમજ તો પમાય જ છે. આ ઉપરાંત નવા પ્રણામમાં અલ્પખ્યાત લેખકોની પણ નોંધપાત્ર કૃતિ તેમનાં ધ્યાન બહાર નથી રહેતી ને તેઓ તેનો જાહેર પ્રતિભાવ પણ આપે છે. એ પણ ઊક્ત નવલકથા વિશેનાં લેખોમાં પમાય છે.

આ પુસ્તકમાં લેખોમાં ખાસ કરીને 'બિંદુમાંથી સિંધુ તરફ' બચપણ ક્યાં ખોવાયું અને 'મારી બાની ઇચ્છા' એ ત્રણ લેખોમાં લેખકની સર્જકતા પ્રગટી છે તે સાથે સાથે નીજી જીવનના સાયુક્લા અનુભવોમાંથી પ્રગટ્યા હોવા છતાં તેમાં નિબંધની ભરી ભરી સર્જકતા ઝળુંબતી રહી છે.

'પ્રસંગ માધુરી'માં છેલ્લા બે લેખ કાવ્યાસ્વાદના છે. તેમની કાવ્યાસ્વાદ કરાવવાની રીતી વિવરણ પ્રકારની છે. જેમાં કાવ્યના અંતસ્તત્વની સમજૂતી આપતા જઇ તેઓ વાચકને કાવ્યના હાર્દ સુધી લઇ જાય છે.

આયોજન પૂર્વક નહીં પણ પ્રસંગોપાત જે કંઇ બોલવા લખવાનું થયું તેમાંથી 'પ્રસંગ માધુરી'ના ચોત્રીસ લેખો નીપજ્યા છે. એકંદરે તેમાંથી લેખકની સાહિત્યિક પ્રભાની અનુભૂતિ થાય છે તે ઉપરાંત તેમના શૈશવની છબિ તથા તેમનાં અંતરંગ વ્યક્તિત્વની છબી પણ અનૌપચારિક રીતે સહજ પ્રગટી છે, તેમાં પણ જ્યારે લેખક હવે આપણી વચ્ચે રહ્યાં નથી ત્યારે તેમનાં આ પુસ્તકનું મૂલ્ય દ્વિગુણિત લાગે છે.

'પ્રસંગ માધુરી' પુસ્તકને આવકારતાં હું તો એટલું જ કરીશ કે ડો. ધીરુભાઇ ઠાકરના શિક્ષણ, વિવેચન, જીવન અને કાર્યોને મુલવવા માટેનો આ સંક્ષિપ્ત દસ્તાવેજ છે જેને પ્રગટ કરવા માટે ગૂર્જરગ્રંથ રત્ન કાર્યાલયને પણ ધન્યવાદ પાઠવું છું.

'પ્રસંગ માધુરી' (લેખ સંગ્રહ)
લેખક - ધીરુભાઇ ઠાકર
પ્રકાશક - ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - ૩૮૦૦૦૧
કિંમત - ૧૩૦ રૂપિયા, પૃષ્ઠ - ૧૮૪, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૨

મારી દૃષ્ટિએ કોઇના પણ વિશે પૂર્વધારણાઓ કરતાં પહેલાં તેની સાથે વાત કરીને ખાતરી કરી લેવી જોઇએ

હું રસ્તે રઝળતી વારતા
- અચના પટેલ

ભાઇ-બહેનના સંબંધો પર આપણી હિન્દી ફિલ્મોમાં ઘણાં લાગણીસભર ગીતો રચાયા છે. આપણા દેશમાં ભાઇ-બહેનના સંબંધને ખૂબ જ પવિત્ર સંબંધ માનવામાં આવે છે. આ સંબંધની ઉજવણી માટે ખાસ રક્ષાબંધનના તહેવારની રચના પણ કરવામાં આવી છે. ભારતમાં દરેક ધર્મ અને સંપ્રદાયના લોકો આ પર્વની ઉલ્લાસભેર ઉજવણી કરે છે. એક હિન્દુ ધર્મ કે સમાજમાં સમાન ન ગણાતા ભેદભાવ રાખવામાં આવે છે. મોટાભાગે દીકરીઓને બાપ-દાદાની મિલકતમાંથી હિસ્સો આપવામાં આવતો નથી. સામાજિક રીવાજ મુજબ દીકરીને પરણાવીને સાસરે મોકલ્યા પછી તે પારકી થઇ જાય છે. વારેતહેવારે તે મા-બાપને મળવા આવે છે તે સમયે માબાપ કે ભાઇ તરફથી તેને સાડી કે અન્ય વસ્તુ ગિફ્ટ તરીકે આપવામાં આવે છે. બહેન પણ પ્રેમથી તેમની આ ભેટ સ્વીકારે છે.

આપણી સંસ્કૃતિમાં બાઇઓ-બહેનો તથા કુટુંબના લોકોમાં પ્રેમ જળવાઇ રહે તેના માટે અનેક તહેવારોની રચના કરવામાં આવી છે. બીજા દેશની સરખામણીમાં આપણા દેશની પ્રજા વધારે પ્રેમાળ અને ઉત્સવ પ્રિય છે. સમાજે કુટુંબ-ભાવના જળવાઇ રહે તે માટે ભલે ગમે તેટલાં રીત-રીવાજો બનાવ્યા હોય તેમ છતાં દરેક વ્યક્તિ તેને અનુસરતી નથી અને જો સમાજના ડરથી દરેક વ્યક્તિ તેને અનુસરતી નથી અને જો સમાજના ડરથી રિવાજો નિભાવે તો તેમાં ઉષ્મા કે લાગણી હોતી નથી. રિવાજ છે તેની સમાજની શરમે કરવું પડે તેવી માનસિકતા ઘણી વ્યક્તિઓમાં જોવા મળે છે. ઘણાં એવા પણ લોકો છે જેમને સમાજની બીક પણ લાગણી નથી. જો કે આવા લોકો સમાજથી એકલા પડી જતાં હોય છે. હંમેશા સારા સંબંધો જ મુશ્કેલીના સમયે કામમાં આવે છે.

આપણે એવા કેટલાયે ભાઇ-બહેન જોયા છે કે જેમણે એકબીજા માટે અનહદ પ્રેમ હોય. તેઓ હંમેશા એકબીજાની મદદ કરવા તત્પર હોય, અને એવા પણ ભાઇ-બહેનો જોયા છે કે જેમની વચ્ચે રાખડી બંધાવાનો તો ઠીક, બોલવાનાયે સંબંધ ન હોય, આપણે સમજીએ છીએ કે ભાઇ-બહેનોમાં કોઇ બાબતે તુતુ-મેમે થઇ જાય પણ તેનો અર્થ એવો નથી કે તેની સાથે સંબંદ જ ન રાખવો! ભાઇ-બહેનો તો નાનપણથી જ ઝઘડતા હોય છે. બાળપણમાં લડતા-ઝઘડતા, રિસાતા, મનાતા ભાઇ-બહેનો કેટલા નિર્દોષ હોય છે! તો પછી મોટા થતાં કેમ એકબીજાની ભૂલોને માફ નહી કરી શકતા હોય! મોટા થયા પછી તેમને તેમનો ઇગો નડે છે. જેમ જેમ માણસ મોટો થાય છે તેમ તેમ ઇગો પણ તેની જાણ બહાર મોટો થતો હોય છે. આ ઇગો જ આપણા સંબંધોને દુશ્મન બની જાય છે.

સીમાને બે ભાઇઓ. સમીર અને કરણ.

કરણ સૌથી નાનો ભાઇ છે અને સમીર સૌથી મોટો. આ બંને ભાઇઓની સીમા એકની એક બહેન છે. ત્રણેયના લગ્ન થઇ ગયા છે. કરણ તેની પત્ની અને બાળકો સાથે ઓસ્ટ્રેલિયા સેટ થયો છે. પરદેશમાં તે સારું કમાય છે. તે પૈસે ટકે સુખી છે. મોટો ભાઇ સમીર ઇન્ડિયામાં જ રહે છે. તે એક ખાનગી કંપનીમાં નોકરી કરે છે ઘર ચાલી જાય તેટલું તે કમાય છે. આમ જોવા જઇએ તો ત્રણેય ભાઇ-બહેનો સુખી છે.

સીમાના પપ્પા જીવે છે. જે સમીરની સાથે જ રહે છે. સીમાનું સાસરૂં એક જ શહેરમાં હોવાથી તે દર અઠવાડિયે તેના પપ્પાને મળવા સમીરના ઘેર જતી હતી. સીમાના પપ્પા રિટાયર્ડ હોવાથી તેઓ સવાર સાંજ બહાર ફરવા નીકળે છે અને બાકીનો સમય ઘરમાં જ પસાર કરે છે. વધારે સમય ઘરમાં રહેતા હોવાથી તેમને ઘરની વાતોમાં માથાકૂટ કરવાની ટેવ પડી છે. સમીરની વહુને પણ તેમની આ કચકચથી કંટાળો આવે છે. એક દિવસ સીમા સમીરને ત્યાં આવી. તેના આવ્યા પહેલાં જ સમીરની પત્ની સાથે તેના પપ્પાને બોલવાનું થયેલું. સીમાના પપ્પાએ તેને સમીરની વહુની ફરિયાદ કરી. સીમાએ તેની ભાભીને ખખડાવી. તેવામાં તેનો ભાઇ સમીર આવી ચઢ્યો. સમીરે તેની પત્નો પક્ષ લઇને સીમાને ધમકાવી. સીમાને ખોટું લાગતા તે તેના ઘરેથી ચાલી ગઇ.

રક્ષાબંધનનો દિવસ આવ્યો. સીમા મનમાં વિચારવા લાગી, 'ભાઇ બોલાવશે તો રાખડી બાંધવા જઇશ. આ બાજુ ભાઇ વિચારતો હતો, 'સીમા રાખડી બાંધવા આવશે તો તે તેને માફ કરી દેશે.' બંને ભાઇ-બહેનને એકબીજા પ્રત્યે લાગણી તો હતી જ. પરંતુ તેમને તેમનો અહમ નડતો હતો. સાંજ સુધી બંને ભાઇ-બહેન એકબીજાના ફોનની રાહ જોઇ, પણ એકેયનો ફો આવ્યો નહીં. સીમાનો પતિ સમજું હતો. તે સીમાને સમજાવીને સમીરના ઘરે લઇ આવ્યો. બધાના આશ્ચર્ય વચ્ચે બંને ભાઇ-બહેન એકબીજા સાથે લડવાને બદલે એકબીજાને ભેટીને ખૂબ રડ્યા. બંનેના અશ્રુઓમાં એમનો અહમ ઓગળી ગયો.

સમીર અને સીમા બંને એકબીજા સાથે પૂર્વ ધારણાઓ બાંધીને ચાલતા હતા. હકીકતમાં તેઓ એકબીજા વિશે જેવું ધારણા હતા તેવું કંઇ હતું જ નહીં. ઘણીવાર આપણે બીજી વ્યક્તિ માટે ખોટી પૂર્વધારણાઓ બાંધી લેતા હોઇએ છીએ અને એ ધારણાઓને આધારે તેની સાથે વર્તન કરતા હોઇએ છીએ. મારી દૃષ્ટિએ કોઇના પણ વિશે પૂર્વધારણાઓ કરતાં પહેલાં તેની સાથે વાત કરીને ખાતરી કરી લેવી જોઇએ. તમે શું માનો છો ?

કેટલાક - જૂજ લોકો એવા હોય છે, જે ભાગ્યે જ કોઇ ચાલ્યું હોય એવા રસ્તા પર ચાલવાનું સાહસ કરે છે, આ સાહસ પાછળ કોઇ ખાસ ધ્યેય રહેલું હોય છે

સફર મેં ધૂપ તો હોગી...
અક્ષયપાત્ર
- બકુલ દવે

Two roads diverged in a wood,
and I 0 I took the one less travelled
by, and that has made all the differ-
ence.

- Robert Frost

(જંગલમાં બે રસ્તા ફંટાઇ ગયા, મેં એ રસ્તો પસંદ કર્યો, જેની પર ભાગ્યે જ કોઇ ગયું હતું નેતે જ બાબત નિર્ણયક બની રહી.)

અમેરિકન કવિ રોબર્ટ ફ્રોસ્ટની કવિતા 'Woods are lovely and deep, miles to go before I sleep' ખૂબ જાણીતી છે. પંડિત નહેરૂને એ પ્રિય હતી ને પોતાની દૃષ્ટિ સામે રહે તે રીતે એને પોતાના રાઇટીંગ ટેબલ પર રાખતા હતા. આ લેખના મથાણે અદ્‌ધૃત કરેલી રોબર્ટ ફ્રોસ્ટની પંક્તિઓમાં પણ જીવનનો મર્મ છે. જીવન મુસાફરી છે. પ્રવાસ દરમિયાન નવા રસ્તા અને વળાંક આવતા રહે છે. પણ મનુષ્યોનો સ્વભાવ છે કે સલામત રહીને ચાલવું ને જે સલામત રહી ચાલવા હોય છે. ધોરી માર્ગ પણ ચાલનારા અંગ્રેજી જોડકણામાં આવતા સોલોમન ગ્રંડી જેવા હોય છે. જોડકણાની શરૂઆત 'સોલોમન ગ્રંડી બોર્ન ઓન મન્ડે' થી થાય છે. મંગળવારે તે શાળાએ જાય છે, બુધવારે એનાં લગ્ન થાય છે, ગુરૂવારે બાળક જન્મે છે તે ક્રમમાં એ માંદો પડે છે, મરી જાય છે અને તેને દફનાવાય છે.

જંગલમાં બે રસ્તા ફંટાઇ ગયા, મેં એ રસ્તો પસંદ કર્યો, જેની પર ભાગ્યે જ કોઇ ગયું હતું ને તે જ બાબત નિર્ણાયક બની રહી

મોટા ભાગના માણસો સોલોમન ગ્રંડી જેવું જીવતા હોય છે - એકધારું. ધોરીમાર્ગના પ્રવાસી જેવું, રોમાંચક વગરનું સલામત. ધોરીમાર્ગ પર ચાલનારનું જીવન ભલે તે સિત્તેર-એંસી વર્ષ જીવે તો પણ અઠવાડિયા જેવું - જેટલું સીમિત હોય છે. ધોરીમાર્ગ પર ચાલનાર સલામતી મેળવે છે પણ એને પોતાની આગવી ઓળખાણ રહેતી નથી. એ ટોળાનો હિસ્સો માત્ર બીને રહી જાય છે. પણ કેટલાક - જૂજ લોકો એવા હોય છે. જે ભાગ્યે જ કોઇ ચાલ્યું હોય એવા રસ્તા પર ચાલવાનું સાહસ કરે છે. આ સાહસ પાછળ કોઇ ખાસ ધ્યેય રહેલું હોય છે. ટોળાથી ઉફરા, ધોરીમાર્ગથી અલગ ચાલવામાં અનેક મુશ્કેલીઓ સાથે પનારો પડી શકે છે. અને અણધાર્યા જોખમ સામે ઝઝૂમવું પડે છે તો પણ તે માર્ગના પ્રવાસી માટે તે રોમાંચક બની રહે છે. તેનું આયુષ્ય ટુકું હોય છે - થોડાં વર્ષનું હોય તો પણ તે લાંબું બની જાય છે. સ્વામી વિવેકાનંદે એમના અંતિમ દિવસોમાં કહ્યું હતું કે ઓગણચાલીસ વર્ષની જીંદગીમાં એમણે પંદરસો વર્ષ ચાલી શકે એટલી સામગ્રી આપી છે.

સંગીતકાર નૌશાદના પિતા પોતાનો પુત્ર સંગીતમાં કારકિર્દી બનાવે તેવું ઇચ્છતા ન હતા. એમને નૌશાદને કહી દીદું, "ઘર કે સંગીત બેમાંથી એક પસંદ કરી લે." નૌશાદે ઘર છોડ્યું અને મુંબઇ આવી ગયા. પછીનો ઇતિહાસ સૌ જાણે છે.

૧૯૬૮માં નવેમ્બર મહિનામાં અમિતાભ બચ્ચનની નોકરી 'બ્લેકર્સ'માં હતી, એક્ઝિક્યુટીવ તરીકે. એ સમય એમને રૂપિયા ૧૬૪૦ ની સેલરી મળતી હતી. પણ અમિતાભ બચ્ચન અભિનયને પોતાની કારકિર્દી બનાવવા ઇચ્છતા હતા. એમણે 'બ્લેકર્સ'માંથી રાજીનામું આપ્યું ત્યારે એમનાં બોસ બોની શ્રીકાંતે એમને નોકરી ન છોડવા સમજાવ્યા હતા, પણ વ્યર્થ. નવેમ્બર મહિનામાં જ એમણે બ્લેકર્સ છોડીને દિલ્હી જતા રહ્યા. બે મહિના પછી બોની શ્રીકાંતને સમાચાર મળ્યા કે એમને પ્રિત અમિત ફિલ્મમાં કામ કરી રહ્યો છે. ફિલ્મનું નામ છે - 'સાત હિન્દુસ્તાની'. જગન્નાથ આઝાદનો એક શેર છે :

"મંજીલ સે ભી નાવાકિફ હૈ, રાહ સે ભી આગાહ નહીં,
અપની ધૂન મેં ફિર ભી ખાં હૈ, યે બી અજબ દિવાને હૈ ।"

એમને મંજિલ - ધ્યેય શું છે તેની પણ ખબર નથી અને રસ્તાની પણ જાણ નથી તેઓ પોતાની મસ્તીમાં - ધૂનમાં ચાલ્યા જાય છે. આ પણ અજબ પાગલો છે ને!